જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૮/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૩૯૦/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૧/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૫	૦	૧૧૬૩૫	૧૭૭૪૬	૦	૧૭૭૪૬
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૭	૦	૬૨૬૭
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૨	૨	૧૦૪	૩૫૨	૯	૩૬૧
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૬૪૨૨	૭૭	૬૬૪૯૯	૬૭૧૫૭	૮૪	૬૭૨૪૧
કુલ		૮૨૮૯૧	૭૯	૮૨૯૭૦	૯૧૫૨૨	૯૩	૯૧૬૧૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૪	3,૧૧,૦૦૦/-

પત્રક-3			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૯૪	૧૦,૯૪,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૯૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૮૪ લીટર દેશી દારૂ, ૬૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭,૩૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૯૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૩૯૩/૨૦૨૧**

અમરાઈવાડીઃ રાહુલ રવિચન્દ્રન દેવેન્દ્ર (ઉ.વ.૧૯) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ અમરાઈવાડી) એ તા.૩૧/૦૭/૨૦૨૧ ના રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૬/૨૦૨૧ નારોજ મોબાઈલ નંબર ૭૭૬૦૯૨૬૨૪૬ ના ધારકે રાહુલ દેવેન્દ્રના ફોનમા મેસેજ કરી કરી પાર્ટ ટાઈમ કામ કરી રૂપિયા કમાવવાની ઓફર આપી લિન્ક આપતા રાહુલ દેવેન્દ્રએ લીંક ઉપર ક્લીક કરતા મોબાઈલ ધારકે રાહુલ દેવેન્દ્રની ડીટેલ માંગી યુયુ મોલ મલ્ટીનેશનલ કંપનીનું નામ આપી રાહુલ દેવેન્દ્રને લિન્ક મોકલી તેના ઉપર ઓર્ડર કરી, પેમેન્ટ કરી ઓર્ડરના નંબરનો સ્ક્રીન શોટ વોટ્સઅપ પર મંગાવી રિફન્ડ માટે લિન્ક આપી માંગ કરવા જણાવી રાહુલ દેવેન્દ્રને વિશ્વાસમાં લઈ લાલચ આપતા રાહુલ દેવેન્દ્રએ તે લિંન્ક ઉપરથી ખરીદી કરી મોબાઈલ પેટીએમથી ચુકવણી કરી ઓર્ડરનો સ્ક્રીન શોટ મોકલેલ અને રીફન્ડની માંગ કરતા તેમણે રાહુલ દેવેન્દ્રનો એકાઉન્ટ નંબર માંગતા રાહુલ દેવેન્દ્રએ બેંકનો એકાઉન્ટ નંબર આપતા તેઓએ મુખ્ય રકમ તથા કમિશનના રૂપિયા રાહુલ દેવેન્દ્રના ખાતામાં જમા કર્યા હતા. ત્યારબાદ રૂપિયા ૨,૩૮,૦૧૦/- ભરેલ તે પૈકી રૂપિયા ૩૩,૭૭૯/- પરત આપી બાકીના રૂપિયા ૨,૦૪,૨૩૧/- સીઝ કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.બી.મહેતા ચલાવે છે.

માધવપુરાઃ વસંતભાઇ કાળીદાસ પઢીયાર (ઉ.વ.૫૧) (રહે. ગણેશપુરા જુના મ્યુનિસિપલ ક્વાર્ટસની બાજુમાં શાહપુર દરવાજા બહાર) એ તા.૩૧/૦૭/૨૦૨૧ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વસંતભાઈ પઢીયાર તા.૨૯/૦૭/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે શાહીબાગ નમસ્તે સર્કલ પાસે આવેલ સુમેલ-૧૧ ખાતે એસબીઆઈ એ.ટી.એમ.સેન્ટરમાં પૈસા ઉપાડવા ગયા હતા ત્યારે એ.ટી.એમ.સેન્ટરમાં બે પુરૂષોએ મદદ કરવાના બહાને વસંતભાઈ પઢીયારને વિશ્વાસમાં લઇ એ.ટી.એમ.કાર્ડનો પીન નંબર જાણી લઈ એ.ટી.એમ.કાર્ડ બદલી બીજુ એ.ટી.એમ.કાર્ડ આપી કુલ રૂપિયા ૫૭,૦૧૫/- અલગ-અલગ ઓનલાઇન ટ્રાન્જેકશન કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.ટી.ઉદાવત ચલાવે છે.

રામોલઃ ડૉ.કનુભાઈ જોતારામ પટેલ (ઉ.વ.૫૦) (રહે. વૃંદાવન પામ કેનેરા બેંક ચાર રસ્તા વસ્ત્રાલ રીંગ રોડ રામોલ) એ તા.૩૧/૦૭/૨૦૨૧ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૫/૨૦૨૧ કલાક ૯/૦૦ વાગ્યા પહેલા ડૉ.કનુભાની પટેલની હોસ્પીટલમાં વોર્ડબોય તરીકે નોકરી કરતો પ્રમોદકુમાર ભીખાભાઈ ઠાકોર (રહે.ગામ-જઠોલા માંડલી તા-સીમલવાડા જી-ડુંગરપુર રાજસ્થાન) હોસ્પીટલના ડોઅરમાંથી રોકડ રૂપિયા ૩૦,૧૧૦/- અને બેંક ઓફ બરોડાની પાસબુક તથા બે સહી કરેલ ચેક પૈકી એક ચેક બેંકમાં સેલ્ફ ભરી વટાવી રૂપિયા ૫૦,૦૦૦/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૩૯૪/૨૦૨૧**

રાણીપઃ નવનીતકુમાર ચુનીલાલ પટેલ (રહે. શુભલક્ષ્મી સોસાયટી બાલકૃષ્ણ મંદીર રોડ રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૭/૨૦૨૧ રાતના ૯/૦૦ થી તા.૩૧/૦૭/૨૦૨૧ કલાક ૭/૩૦ વાગ્યા દરમ્યાન રામેશ્વર ચેમ્બર્સ કૃષ્ણબાગ સોસાયટી બાલકૃષ્ણ મંદીર રોડ ખાતે "જલારામ મેડીકલ" નામની દુકાનના શટર તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.જી.સોલંકી ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૩૯૫/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ ચીરાગભાઇ રોહીતભાઇ ઉપાધ્યાય (રહે. શ્રીકૃષ્ણા એપાર્ટમેન્ટ ચીફ જસ્ટીસ બંગ્લાવાળી ગલી, લાડ સોસાયટી બોડકદેવ) એ તા.૩૧/૦૭/૨૦૨૧ બપોરના ૪/૦૦ વાગે એસ.જી.હાઈવે ટી.જી.બી.હોટલ પાસે અપના અડા નજીક પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૫૦,૦૦૦/-, લેપટોપનુ ચાર્જર અને મોબાઇલ ચાર્જર બંને કિંમત રૂપિયા ૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૩,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ ચીરાગભાઇ ઉપાધ્યાય એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી નરશીભાઈ સોમાભાઈ ચલાવે છે.

સોનાનુ મંગળસુત્ર ઝુટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૩૯૬/૨૦૨૧**

આનંદનગરઃ સરોજબાલા વા/ઓ સનવીત યાદવ (ઉ.વ.૨૯)(રહે.કેટ રીસીડેન્સી કોમ્પ્લેક્ષ, શરણમ-૧૦ ની બાજુમાં, સેટેલાઈટ) તા.૩૧/૦૭/૨૦૨૧ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે આનંદનગર જલારામ પરોઠા ચાર રસ્તાથી હરણ સર્કલ ચાર રસ્તા તરફ અમરનાથ મહાદેવ મંદિર આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સરોજબાલાના ગળામાંથી સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સરોજબાલા યાદવે આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૩૯૭/૨૦૨૧**

અમરાઇવાડીઃ ગાંધીનગર ભાટ ગામ ખાતે રહેતા દશરથભાઇ જાલજી નીનામા (ઉ.વ.૪૫) (મુળ વતન ગામ-બાલીચા, તા-ખેરવાડા, જી-ઉદયપુર, રાજસ્થાન) તા.૩૧/૦૭/૨૦૨૧ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે અમરાઈવાડી શિવનંદનગર ખાતે મજુરી કામ કરતા હતા ત્યારે ખીલાસળીના સળીયા સીધા કરવાનુ મશીન ચાલુ થતા વિજ કરંટ લાગતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રઘુવિરસિહ ધનશ્યામસિહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૩૯૮/૨૦૨૧**

બાપુનગરઃ (૧) સંજય શ્રીપપ્પુભાઇ વર્મા (ઉ.વ.૨૩) (રહે. જીઆર એંટરપ્રાઇઝ શિવશક્તિ કાંટા પાસે વિરાટનગર ચાર રસ્તા બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૭/૨૦૨૧ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા રહેણાંક ખાતે છતની પાઇપ સાથે પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વશરામભાઇ રામજીભાઇ ચલાવે છે.

બાપુનગરઃ (૨) અર્જુનભાઇ શંકરભાઇ મેરગુલ (ઉ.વ.૨૦) (રહે.ચુંવાળનગરના છાપરાં બજરંગ સોસાયટીની બાજુમાં બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૭/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાસો ખાતા સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાજના ૬/૨૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.શેઠ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી